અપીલ અરજી નં.૪૧ તા.૧૪–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૩–૪–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના હદવાળા વિસ્તારમાં મેઈન ડ્રેનેજના ઢાંકણ ચોરાવાના બનાવ દિવસેને દિવસે વધતા હોય તે અંગે તા.૨૬–૯–૦૮ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૧/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૩–૪–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના હદવાળા વિસ્તારમાં મેઈન ડ્રેનેજના ઢાંકણ ચોરવાના બનાવ દિવસેને દિવસે વધતા હોય તે અંગે તા.૨૬–૯–૦૮ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગના પત્ર નં.ડીએનજી/આઉટ/૦૧ તા.૨૨–૪–૦૯ થી માંગેલ માહિતી સાચી અને સંતોષકારક નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૨ તા.૨૧–૫–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૩–૪–૦૯ ની અરજીથી તા.૨૬–૯–૦૮ ના રોજ સબંધિત વિભાગમાં કરવામાં આવેલી અરજી બાબતે શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહે છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ડી.એન.જી/આ.નં./૦૧ તા.૨૨–૪–૦૮ થી અરજદારને " સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં અગાઉ લોખંડના ઢાંકણ ચોરવાની ફરીયાદ આવેલી હતી ત્યાર બાદ સુરત મહાનગરપાલિકા મારફત આ પ્રકારના બનાવો જણાય તે બાબતે તપાસ કરવામાં આવેલી હતી અને ત્યાર બાદ કોઈ ચોરીનો બનાવ બને તો તે બાબતે પોલીસ ફરીયાદ નોંધાવવાની તૈયારી કરવામાં આવેલી હતી. પરંતુ ત્યાર બાદ આ પ્રકારના બનાવો બનતાં જણાયેલ ન હતાં તેમ છતાં ભવિષ્યમાં આ પ્રકારના બનાવોથી સુરત મહાનગરપાલિકાને નુકશાન ન થાય તે માટે લોખંડના ઢાંકણોને બદલી આર સી.સી. ના ઢાંકણ બેસાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે." તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ મુદ્દા નં.૧માં માંગેલ માહિતી પૈકી મને આપવામાં આવેલી માહિતી સાચી અને સંતોષકારક નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ માં સમય મર્યાદામાં માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારની તા.૧૩–૪–૦૯ ની અરજીની માહિતી તા.૨૨–૪–૦૯ ના રોજ આપવામાં આવેલ છે જે સમય અવધિમાં જણાય છે. અરજદારે મુદ્દા નં.૩ અને ૪ તા.૨૬–૯–૦૮ ના રોજ કરેલ ફરીયાદ અરજીની રજૂઆત બાબતે છે. તથા મુદ્દા નં.૫ તા.૫–૫–૦૮ અને તા.૭–૫–૦૮ વોર્ડ નં.૪ ની ફરીયાદ બાબતે છે. મુદ્દા નં.૬ ડ્રેનેજ વિભાગ તરફથી માહિતી મેળવવાનો અરજદારનો આગ્રહ રાખેલ છે અને આઈ ડી. નંબર પ્રત્યુત્તર પત્રમાં જણાવેલ નહીં હોવા બાબતેની રજૂઆત કરેલ છે.

સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારે મૂળ અરજીથી તેમના તા.૨૬–૯–૦૮ ની અરજી અંગે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તે તથા પોલીસ ફરીયાદને બદલે સીમેન્ટના ઢાંકણ બેસાડી દેવામાં આવેલ છે તે શા માટે? તેની માહિતી માંગેલ છે. તે પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ પ્રત્યુત્તર જોતાં આ પ્રકારના બનાવના પુનરાવર્તનના કિસ્સામાં પોલીસ ફરીયાદ કરવા કાર્યવાહી કરેલ તથા તેવા બનાવ ધ્યાને ન આવતાં ફરીયાદ નહીં કર્યાનું જણાવેલ છે. તથા હાલ લોખંડને બદલે સીમેન્ટના ઢાંકણા બદલવાની કાર્યવાહી ચાલુ હોવાનું પણ જણાયેલ છે. પરંતુ બનાવ અંગે ખાતાકીય તપાસની કાર્યવાહીની કોઈ વિગતો આપેલ નથી. અરજીમાં આઈ ડી. નંબર નોંધેલ નથી માત્ર તારીખ જણાયેલ છે જે નોંધાવો જોઈએ. અરજદારની અપીલ તબકકેની બાકીની રજૂઆત મૂળ અરજીથી માંગેલ માહિતી કરતાં અલાયદી તથા ચોકકસ વિભાગ પાસેથી માહિતીનો આગ્રહ કાયદાની જોગવાઈથી સુસંગત નથી.

**પાછળ**

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ખાતાકીય તપાસ થયેલ કાર્યવાહીની ઉપલબ્ધ દફતરી માહિતી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) ને જણાવવામાં આવે છે. તેમજ આ કાયદા હેઠળ ની કાર્યવાહીમાં માહિતી અધિકાર નિયમ–૪ થી કરેલ જોગવાઈને અનુસરી નિયત પત્રકમાં આઈ ડી. નંબર નોંધવા કાળજી લ ેવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

***ઈ.ચા.એપેલેટ ઓફિસર***
***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ડ્રેનેજ વિભાગ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ, ૪/૩૫૯/એ, દુધારાશેરી, બેગમપુરા, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.